(1) વર્લ્ડ સ્ટીલ રિપોર્ટ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) આ રિપોર્ટ વર્લ્ડ સ્ટીલ એશોશિએસન દ્વારા જાહેર કરવામાં આવ્યો છે.
(2) રિપોર્ટ મુજબ ભારતના સ્ટીલ ઉત્પાદનમાં 65%નો ઘટાડો નોંધાયો છે.
(3) વૈશ્વિક સ્ટીલ ઉત્પાદનમાં 13%નો ઘટાડો નોંધાયો છે.
(4) ચીનના સ્ટીલ ઉત્પાદનમાં 5%નો વધારો જોવા મળ્યો છે.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (1) અને (4)
(D) આપેલ તમામ

⇛ જવાબ :- A

**સમજૂતી :**

⇛ 24 મે, 2020ના રોજ વર્લ્ડ સ્ટીલ એશોશિએસન દ્વારા વર્લ્ડ સ્ટીલ રિપોર્ટ પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ રિપોર્ટ મુજબ, ભારતના સ્ટીલ ઉત્પાદનમાં 65%નો ઘટાડો નોંધાયો છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ એપ્રિલ, 2019માં ભારતનું સ્ટીલ ઉત્પાદન 9.02 મિલિયન ટન હતું જે એપ્રિલ, 2020માં ઘટીને 3.13 મિલિયન ટન થયેલું છે.

⇛ રિપોર્ટ મુજબ, વૈશ્વિક સ્ટીલ ઉત્પાદનમાં પણ 13%નો ઘટાડો જોવા મળ્યો છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ એપ્રિલ, 2019માં વૈશ્વિક સ્ટીલ ઉત્પાદન 157.67 મિલિયન ટન હતું જે એપ્રિલ, 2020માં ઘટીને 137.97 મિલ્યિન ટન થયું હતું.

⇛ ચીનના ઉત્પાદનમાં પણ 1.7%નો ઘટાડો જોવા મળેલો છે. (આથી, વિધાન (4) ખોટું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (2) APEC વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) તેનું પૂરુંનામ એશિયા–પેસિફિક ઈકોનોમિક કોરીડોર છે.

(2) તેનું વડુંમથક સિંગાપોરમાં આવેલું છે.

(3) એશિયા–પેસિફિક વિસ્તારમાં મુકત વેપારને પ્રોત્સાહન આપનાર પેસિફિક રીમના સભ્યોની તે એક ફોરમ છે.

(4) ભારત આ ફોરમનું સભ્ય નથી.

(A) માત્ર (1), (2) અને (3)  (B) માત્ર (2), (3) અને (4)

(C) માત્ર (3)  (D) આપેલ તમામ

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ APECનું પૂરું નામ એશિયા–પેસિફિક ઈકોનોમિક કોર્પોરેશન છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ આ એક આંતર–દેશીય ફોરમ છે જેમાં પેસિફિક રીમના 21 સભ્યો આવેલાં છે. આ દેશ એશિયા–પેસિફિક વિસ્તારમાં મુકત વેપારને પ્રોત્સાહન આપે છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ આ ફોરમમાં ભારતે જોડાવાની માંગ કરી છે પરંતુ હજું સુધી ભારત જોડાય શકયું નથી (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ APECનું વડુમથક સિંગાપોરમાં આવેલું છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ APECની શરૂઆત વર્ષ 1989થી થઈ હતી. ત્યારે તેનો ઉદ્દેશ યુરોપની બહાર કાચા માલની તથા ખેત પેદાશોની બજારની સ્થાપના કરવાનો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## (3) જમ્મુ-કાશ્મીરના રહેવાસી માટેના નવા નિયમો (Domicile Rules) વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) જમ્મુ એન્ડ કાશ્મીર રિઓર્ગનાઈઝેશન ઓર્ડર, 2020 હેઠળ રહેઠાણ માટેના નિયમોને બદલવામાં આવ્યાં છે.

(2) રહેવાસી માટેનું સર્ટિફિકેટ આપવાની સત્તા હવે તહેસીલદારને આપવામાં આવી છે.

(3) કેન્દ્રિય સરકારી કર્મચારીઓ કે જેણે 10 વર્ષ સુધી જમ્મુ–કાશ્મીરમાં ફરજ બજાવી છે તેમનાં બાળકોને પણ 'રહેવાસી' તરીકે ગણવામાં આવશે.

(4) રહેવાસી માટેનું સર્ટિફિકેટ 15 દિવસમાં આવું જરૂરી છે.

(A) માત્ર (1) અને (4)
(B) માત્ર (3) અને (4)
(C) માત્ર (1), (2) અને (3)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- D**

**સમજૂતી :**

⇛ ગૃહ મંત્રાલય દ્વારા જમ્મુ–કાશ્મીરમાં વપરાતા 'કાયમી રહેવાસી'ના સ્થાને 'રહેવાસી' શબ્દ એક ઓર્ડર દ્વારા દાખલ કરવામાં આવ્યો છે.

⇛ સરકારે 'જમ્મુ એન્ડ કાશ્મીર રિઓર્ગેનાઈઝેશન ઓર્ડર, 2020' હેઠળ રહેવાસીની વ્યાખ્યામાં ફેરફાર કરેલો છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ જમ્મુ–કાશ્મીરની સરકારી નોકરીઓ માટે પણ આ નિયમો લાગુ પડશે.

⇛ નવા નિયમો મુજબ રહેવાસી તરીકેનું સર્ટિફિકેટ આપવાની સત્તા તહેસીલદાર (રેવન્યુ ઓફિસરો)ને આપવામાં આવી છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ નવા નિયમો મુજબ, આ સર્ટિફિકેટ 15 દિવસની અંદર આપવું જરૂરી છે. જે અધિકારી આવું કરવામાં નિષ્ફળ જશે તેને રૂ. 50,000નો દંડ થશે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ અખિલ ભારતીય સેવા, જાહેર સાહસના એકમો, જાહેર ક્ષેત્રની બેંકો વગેરેમાં કાર્ય કરતાં કેન્દ્રિય સરકારી કર્મચારીઓ કે જેણે 10 વર્ષ સુધી જમ્મુ–કાશ્મીરમાં ફરજ બજાવી છે તેમનાં બાળકોને પણ 'રહેવાસી' તરીકે ગણવામાં આવશે. (આથી, વિધાન (3) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## (4) કાલાપાની વિસ્તાર વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) ભારતે કૈલાશ–માનસરોવર માટેનો નવો લિંક રોડ તૈયાર કરેલો છે જે કાલાપાની વિસ્તારમાંથી પસાર થાય છે.

(2) આ વિસ્તાર ઉત્તરાખંડના પૂર્વોત્તમ છેડે પિતોડગઢ જિલ્લામાં આવેલો છે.

(3) આ વિસ્તાર વર્તમાન સમયે ભારત અને નેપાળના સંયુક્ત કબ્જામાં છે.

(4) ભારત અને નેપાળ વચ્ચે આ વિસ્તારને લઈને મતભેદો ચાલી રહ્યાં છે.

(A) માત્ર (1), (2) અને (3) (B) માત્ર (2), (3) અને (4)

(C) માત્ર (1), (2) અને (4) (D) આપેલ તમામ

⇛ જવાબ :- C

**સમજૂતી :**

⇛ વર્તમાન સમયે કાલાપાની વિસ્તાર કોની સીમામાં આવે છે તે વિશે ભારત અને નેપાળ વચ્ચે મતભેદો ચાલી રહ્યા છે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ 8 મે એ ભારતે કૈલાશ–માનસરોવર માટેના 'દાર્ચુલા–લિપુલેખ પાસ લિંક રોડ'નું ઉદ્ઘાટન કરેલું છે. આ રોડ કાલાપાની વિસ્તારમાંથી પસાર થતો હોવાથી નેપાળે વિરોધ દર્શાવેલો છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ આ વિસ્તાર ઉત્તરાખંડના પૂર્વોત્તમ છેડે પિતોડગઢ જિલ્લામાં આવેલો છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ આ વિસ્તારની સરહદ પૂર્વમાં તિબેટને તથા દક્ષિણમાં નેપાળને સ્પર્શે છે.

⇛ વર્તમાન સમયે આ વિસ્તાર પર ભારતનો કબ્જો છે. (આથી, વિધાન (3) ખોટું છે.)

⇛ આ મતભેદનું મુખ્ય કારણ આ વિસ્તારમાંથી પસાર થતી નદીના ઉદ્ભવ વિશેની વિવિધ સમજણના કારણે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (5) એમ્પેરર પેંગવિન (Emperor Penguin) વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) તેનું વજન લગભગ અન્ય દરેક પેંગવિન પ્રજાતિ કરતાં ઓછું હોય છે.

(2) તે ગ્રીનલેન્ડની સ્થાનિક પ્રજાતિ (Endemic) છે.

(3) તેનો મુખ્ય ખોરાક માછલી છે.

(4) તે એક માત્ર એવી પેંગવિનની પ્રજાતિ છે જેનો સંવર્ધન કાળ (Breeding Period) એન્ટાર્કટિકાના શિયાળા દરમિયાન હોય છે.

(A) માત્ર (1) અને (2) (B) માત્ર (3) અને (4)

(C) માત્ર (1), (3) અને (4) (D) આપેલ તમામ

⇒ **જવાબ :- B**

**સમજૂતી :**

⇒ દરિયાઈ બરફના અદશ્ય થવાથી એમ્પેરર પેંગવિનને પ્રત્યક્ષ અસર થઈ રહી છે.

⇒ તે પેંગવિનની પ્રત્યેક પ્રજાતિ કરવા સૌથી લાંબા અને સૌથી વજનદાર પેંગવિન છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇒ તેઓ એન્ટાર્કટિકાની સ્થાનિક પ્રજાતિ છે. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇒ તેઓનો મુખ્ય ખોરાક માછલી છે પરંતુ તે અન્ય સમુદ્રી જીવોને પણ ખાય છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇒ તેઓ શિકાર દરમિયાન 20 મિનિટ સુધી પાણીની અંદર રહી શકે છે તથા 535 મીટર ઊંડે સુધી જઈ શકે છે.

⇒ તે પેંગવિનની એકમાત્ર પ્રજાતિ છે કે જેનો સંવર્ધન કાળ એન્ટાર્કટિકાના શિયાળા દરયિમાન હોય છે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇒ IUCN દ્વારા તેને ખતરાની નજીક (Near Threatened) પ્રજાતિ તરીકે વર્ગીકૃત કરવામાં આવેલ છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ**
**તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે**
**નીચે આપેલા અમારા**
Social Media Icon **પર** Click **કરો.**

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT